**૨૦૨૫-૨૬**

**જનરલ અને આ.વિ.પે.યો.**

સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત.

વન વ્યવસ્થા અને વિકાસની યોજના (૨૬, ૯૬-૨૪૦૬), વિભાગ-૨ (ચાલુ બાબત)

**ગુજરાત સરકાર**

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક: **FED/WRT/e-file/6/2024/3196/M**

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: E Sign મુજબ

**વંચાણે લીધા :-**

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષક અને HoFF, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: PCCFO/BGT/e-file/129/2025/1573/Financial Management and Planning.

**ઠરાવ**

સને ૨૦૨૫-૨૬ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં વન વ્યવસ્થા અને વિકાસની યોજના (૨૬-૨૪૦૬ તથા ૯૬-૨૪૦૬), વિભાગ-૨ ચાલુ બાબત માટે અનુક્રમે રૂ.૪૮.૧૦ કરોડ તથા રૂ.૪૭.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધા ક્રમાંક-(૧) થી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**૨.** પ્રસ્તુત બાબતમાં વિચારણાને અંતે, વંચાણે લીધા ક્રમાંક-(૧) થી દરખાસ્ત કર્યા મુજબ સદર યોજના હેઠળ ચાલુ પ્રકારના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધીન સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટે અનુક્રમે રૂ.૪૮.૧૦ કરોડ તથા રૂ.૪૭.૦૦ કરોડના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**(રૂ. કરોડમાં)**

| ક્રમ | યોજનાનુ નામ | સદર | આવર્તક | અનાવર્તક | કુલ જોગવાઇ |
|---|---|---|---|---|---|
| ૧ | વન વ્યવસ્થા અને વિકાસની યોજના | ૨૬-૨૪૦૬ | ૦.૪૪ | ૪૭.૬૬ | ૪૮.૧૦ |
| ૨ | વન વ્યવસ્થા અને વિકાસની યોજના | ૯૬-૨૪૦૬ | ૦.૬૪ | ૪૬.૩૬ | ૪૭.૦૦ |
| કુલ | | | ૧.૦૮ | ૯૪.૦૨ | ૯૫.૧૦ |

૩. આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

**(ક) વન વ્યવસ્થા અને વિકાસની યોજના (૨૬-૨૪૦૬)**

| અ.નં. | કામગીરીની વિગત | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | હંગામી જગ્યાઓના પગાર ભથ્થા માટેનો મહેકમ ખર્ચ | ૦.૪૪ |
| ૨ | કાયમી મજુરોના પગાર માટેની જોગવાઇ/ગ્રેજ્યુઇટી/બોનસ તથા અન્ય લાભો | ૩૪.૫૭ |
| ૩ | જુના સરકારી મકાનો અને રસ્તાની જાળવણી તથા મરામતની કામગીરી | ૧૩.૦૯ |
| ૪ | અરણ્યભવન ગાંધીનગરની જાળવણી અને મરામતની કામગીરી | ૦.૦૦ |
| કુલ | | ૪૮.૧૦ |

**(ખ) વન વ્યવસ્થા અને વિકાસની યોજના (૯૬-૨૪૦૬)**

| અ.નં. | કામગીરીની વિગત | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧ | હંગામી જગ્યાઓના પગાર ભથ્થા માટેનો મહેકમ ખર્ચ | ૦.૬૪ |
| ૨ | કાયમી મંજુરોના પગાર માટેની જોગવાઇ/ગ્રેજ્યુઇટી/બોનસ તથા અન્ય લાભો | ૩૧.૯૪ |
| ૩ | જુના સરકારી મકાનો અને રસ્તાની જાળવણી તથા મરામતની કામગીરી | ૧૪.૪૨ |
| | કુલ | ૪૭.૦૦ |

૪. આ યોજનાને નીચેની શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્રિત કરવાની રહેશે.
8. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની  પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
10. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
11. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારને રજુ કરવાનું રહેશે.
12. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.
13. CM Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
14. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
15. આ યોજનાનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૫ થી કરવાનો રહેશે.
16. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
17. આ યોજના અન્વયે જો કોઇ હંગામી તથા આઉટસોર્સ મહેકમ મંજુર થયેલ હોય તો મહેકમને વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજુરી મેળવી લેવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધીન ઉધારીને સને ૨૦૨૫-૨૬ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૬ |
| સેકટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્યસદર | : | ૨૪૦૬- વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૧૦૧-વન સંરક્ષણ અને વિકાસ |
| પેટા સદર | : | (૧૪) વન વ્યવસ્થા અને વિકાસ |

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૯૬ |
| સેકટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્યસદર | : | ૨૪૦૬- વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના |
| પેટા સદર | : | (૩૪) વન વ્યવસ્થા અને વિકાસ |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિમાંશુ ગોહિલ)

ઉપ સચિવ

વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને HoFF, ગુજરાત રાજય, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વિકાસ અને વ્યવસ્થા, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય અમદાવાદ / રાજકોટ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા.
- નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ.
- સીલેકટ ફાઇલ.
- સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ - વિભાગની વેબસાઇટ પર મૂકવા માટે

Signature Not Verified

Signed by:Himanshu Gohil
Under Secretary
Date:2025.04.04
14:33:12 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign